ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મીનીટ્સ/ ૨૦૨૩/૨૨૩૫ — તાઃ– ૦૨/૦૯/૨૦૨૩

પ્રતિશ્રી,
તમામ એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય :–** એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકિઝકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અઘ્યક્ષ સ્થાને તા.૦૨/૦૯/૨૦૨૩ શનીવારના રોજ ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મીનીટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ઘ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૦૨/૦૯/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મીનીટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા**

# કચ્છ યુનિવર્સિટી

**તા.૦૨/૦૯/૨૦૨૩ શનીવારના રોજ સવારે ૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મીનીટ્સ નોંધ**

આજ રોજ તા.૦૨/૦૯/૨૦૨૩ શનીવારના સવારે૧૨:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ<br>એન્ડ મેડિકલ એજયુકેશન<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૬. | **ખાલી**<br>ડીનશ્રી, .............<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | — |
| ૭. | ડૉ. સી. એસ. ઝાલા<br>આચાર્યશ્રી,<br>આર. આર. લાલન કોલેજ,ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>આચાર્યશ્રી,<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,રાપર | સભ્યશ્રી | ઓન લાઈન હાજર |
| ૯. | પ્રો.(ડૉ) દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૨. | **ખાલી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી | – |
| ૧૩. | ડૉ. જી. એમ. બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર<br>સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા. ૧૨/૦૮/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબત..

**ઠરાવ:૧** **ઠરાવ નં. ૧૦ માં પરીક્ષા શુસિદ્ધ સમિતિમાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્ય ચેયર પર્સન બને એવી આપણા ઓર્ડિનન્સની જોગવાઈ હોતા ડૉ. વિજય વ્યાસના સ્થાને ડૉ. પરેશ રાવલને મુકીએ આ સુધારા સાથે સર્વાનુમતે મિનિટ્સ બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. પ્રો.(ડૉ.) મહેશ જી. ઠક્કરને Birbal Shani Institute of Palaeosciences, Lucknow ખાતે તા.૧૭/૦૮/૨૦૨૩ વાળા ઓફિસ મેમોરેન્ડમથી ડાયરેક્ટર તરીકે નિમણૂંક થતાં તેના અનુસંધાને સરકારશ્રીના પત્ર ક્રમાંક: ED\ 0035\ 09\ 2023 Dt. 01-09-2023 થી મળેલ આદેશ અનુસાર તેઓશ્રીને અત્રેથી ફરજ મુકત કરવા બાબાત

**ઠરાવ:૨** **પ્રો.(ડૉ.) મહેશ જી. ઠક્કરને Birbal Shani Institute of Palaeosciences, Lucknow ખાતે તા.૧૭/૦૮/૨૦૨૩ વાળા ઓફિસ મેમોરેન્ડમથી ડાયરેક્ટર તરીકે નિમણૂંક થતાં તેઓશ્રીની પ્રતિનિયુક્તિ માટે (ડેપ્યુટેશન) ફરજ મુક્ત થવાની અરજી ક્રમાંક: KU\DEES\203\2023 DATE: 17-8-2023 અનુસંધાને કુલસચિવશ્રીના પત્ર ક્રમાંક: ક્યુ/ એમજીટી/ ડેપ્યુટેશન/ ૨૦૨૩/ ૨૧૪૬ તા.૧૯/૮/૨૦૨૩ ના રોજ તેમની અરજી સરકારશ્રીને રજૂ કરેલ જે સંદર્ભે સરકારશ્રીના પત્ર ક્રમાંક: ED\ 0035\ 09\ 2023 Dt. 01-09-2023 થી મળેલ આદેશ અનુસાર તેઓશ્રીને અત્રેથી ફરજ મુકત કરવા માટેના આદેશ થયેલ છે જે અન્વયે પ્રો.(ડૉ.) મહેશ જી. ઠક્કરને અત્રેની ફરજમાંથી પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) માટે તેઓશ્રી ચાર્જ સંભાળે તે તારીખથી પાંચ વર્ષ માટે નિયમાનુસારની કાર્યવાહિ કરી અત્રેની યુનિવર્સિટીમાંથી મુકત કરવા આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૩. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. જીયોલોજી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ તથા ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીની જગ્યા ખાલી થતાં તે બાબતે ચર્ચા–વિચારણા.

**ઠરાવ: ૩** **પ્રો.(ડૉ.) મહેશ જી. ઠક્કર, અધ્યક્ષ, જીયોલોજી (ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એનવાયરમેન્ટ સાયન્સ) તથા ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીની પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) Birbal Shani Institute of Palaeosciences, Lucknow ખાતે થતાં અને યુનિવર્સિટીમાંથી તેઓશ્રીને ફરજ મુક્ત થતાં તેઓની સંબંધિત ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ તથા ડીનની જગ્યા ખાલી પડતા તે જગ્યા ઉપર ડૉ. સુભાષ ભંડારી, એસો. પ્રોફેસરને કાર્યકારી અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એનવાયરમેન્ટ સાયન્સ અને ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીનો ચાર્જ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન જુદા–જુદા ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓની દર મહિનાના બીજા તથા ચોથા શનીવારની વિભાગની એડમિનીસ્ટ્રેટીવ અને એકેડેમિક કામગીરી અન્ય યુનિવર્સિટીઓના વિભાગો તેમજ સરકારીશ્રીની અન્ય કચેરીઓની જેમ રજા રાખવા વાંરવારની રજૂઆત બાબતે

**ઠરાવ:૪** **કચ્છ યુનિવર્સિટી સંલગ્ન જુદા–જુદા ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓની દર મહિનાના બીજા તથા ચોથા શનીવારની વિભાગની એડમિનીસ્ટ્રેટીવ અને એકેડેમિક કામગીરી અન્ય યુનિવર્સિટીઓના વિભાગો તેમજ સરકારીશ્રીની અન્ય કચેરીઓની જેમ રજા રાખવા રજૂઆત કરેલ હતી જે અનુસંધાને ઉપર મુજબની માંગણી ગ્રાહય રાખી સરકારશ્રી તથા કચ્છ યુનિવવર્સિટીના નિયમોનુસારની કામગીરી પૂર્ણ કરવાની શરતે દર મહિનાના બીજા અને ચોથા શનીવારે એડમિનીસ્ટ્રેટીવ અને એકેડેમિક કામગીરી બંધ (રજા) રાખવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ